**ભાવનગર મહાનગરપાલિકા**

**સ્ટોર વિભાગ**

**ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)**

ભાવનગર મહાનગરપાલિકાના સ્ટોર વિભાગ દ્વારા રસ ધરાવતા આસામીઓ પાસેથી "ભાવનગર મહાનગરપાલિકા ના ફાજલ પડેલા/ તુટલા ફુટલા/ ફર્નિચર- કબાટ, ખુરશી જેવા માલસામાનના ભંગારના જે સ્થળસ્થિતિએ છે તે જ સ્થળસ્થિતિએ થી નિકાલ કરવાના કામ" અંગે ઓફલાઈન ભાવો મંગાવવામાં આવે છે. આ કામ માટે www.bmcgujarat.comવેબસાઈટ પરથી તા.૨૪/૧૦/૨૦૨૪ થી ૦૭/૧૧/૨૦૨૪ સુધીમાં ટેન્ડર ડાઉનલોડ કરી મેળવી શકાશે. ડાઉનલોડ કરી ભરેલ ટેન્ડર કોપી રજી એડી/સ્પીડપોસ્ટથી તા. ૦૮/૧૧/૨૦૨૪ સાંજના ૫:૦૦ કલાક સુધીમાં સ્ટોર વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા ખાતે પહોંચતા કરવાના રહેશે.

સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ
સ્ટોર વિભાગ
ભાવનગરમહાનગરપાલિકા

| | | |
|---|---|---|
| | ભાવનગર મહાનગરપાલિકા<br>સ્ટોર વિભાગ<br>ટેન્ડર નોટીસ | |

**સ્ટોર વિભાગ**

**જાહેર નિવિદા:-**

**ટેન્ડર નોટીસ નં:- BMC/STORE/06/2024**

આથી તમામ ભંગાર ખરીદવા અનુભવ ધરાવતા સરકાર માન્ય કોન્ટ્રાક્ટર તથા એન.જી.ઓ રજીસ્ટર્ડ મંડળી/ભાગીદારી પેઢી તથા પ્રોપરાઈટર પાસેથી નીચે જણાવેલ શરતોએ અને નીચે જણાવ્યા મુજબના કામના ટેન્ડરથી ભાવો મગાવવામા આવે છે.

સરકાર માન્ય કોન્ટ્રાક્ટરના પરવાનાની નકલ અથવા તો મહાનગરપાલિકાના ભંગારના કામનો અનુભવના આધારોની નકલ સાથે અથવા એન.જી.ઓ રજીસ્ટર્ડ મંડળી /ભાગીદારી પેઢી તથા પ્રોપાઈટર દ્વારા ભાવનગર મહાનગરપાલિકા ની વેબસાઈટ www.bmcgujarat.com પરથી ટેન્ડર ડાઉનલોડ કરી તા.૦૮/૧૧/૨૦૨૪ ૫ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

| ક્રમ | કામનું નામ | ટેન્ડર ફી રૂ. | અર્નેસ્ટ મની ડિપોઝીટ |
|---|---|---|---|
| ૧. | ભાવનગર મહાનગરપાલિકા ના ફાજલ પડેલા/ તુટલા ફાટલા/ ફર્નિચર- કબાટ, ખુરશી જેવા માલસામાનના ભંગારના જે સ્થળસ્થિતિએ છે તે જ સ્થળસ્થિતિએ થી નિકાલ કરવાના કામ | ૬૦૦/- | ૪૦૦૦/- |

સદરહું ટેન્ડર તમામ વિગતો સાથે તા.૦૮/૧૧/૨૦૨૪ સાંજના ૫ કલાક સુધીમાં મળે તે રીતે સીલ બંધ કવરમાં રજી.પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટથી સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ,ભાવનગર મહાનગરપાલિકા, ગેલેક્સી સીનેમા સામે ભાવનગર-૩૬૪૦૦૨ ના સરનામે કવર ઉપર કામનું નામ દર્શાવી ટેન્ડર નોટીસ નંબર તથા એજન્સીનું નામ સરનામું ફોન નંબર દર્શાવી મોકલવાનાં રહેશે. કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો અધિકાર કમિશનર મહાનગરપાલિકાનો રહેશે. અને તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. શક્ય હશે તો તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ ટેન્ડર ખોલવામાં આવશે.

સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ
સ્ટોર વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

| | |
|---|---|
| **સ્ટોર વિભાગ**<br>**ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર**<br>**ટેન્ડર** | |
| **કામનું નામ:-** | ભાવનગર મહાનગરપાલિકા ના ફાજલ પડેલા/ તુટલા ફાટલા/ ફર્નિચર- કબાટ, ખુરશી જેવા માલસામાનના ભંગારના જે સ્થળસ્થિતિએ છે તે જ સ્થળસ્થિતિએ થી નિકાલ કરવાના કામ |
| ટેન્ડર ફી રૂ. | રૂ. ૬૦૦/- |
| ટેન્ડર સાથેની ભરવાની ડિપોઝીટ | ટેન્ડર ફોર્મ તથા શરતોમાં દર્શાવ્યા મુજબ |
| ટેન્ડર પરત કરવાની આખરી તારીખ | તા.૦૮/૧૧/૨૦૨૪ (ફક્ત રજી.એ.ડી થી જ) |
| એજન્સીનું નામ | |
| સરનામું | |
| એજન્સીનો મો.નંબર | |
| ટેન્ડર ફી ની રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર | |
| ઈ.એમ.ડી રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર | |
| ટેન્ડર પહોંચતા કરવાનું સરનામું | સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ સ્ટોર વિભાગ<br>મહાનગરપાલિકા, ભાવનગર |

## <u>સામાન્ય શરતો</u>

કામનું નામ:- ભાવનગર મહાનગરપાલિકા ના ફાજલ પડેલા/ તુટલા ફાટલા/ ફર્નિચર- કબાટ, ખુરશી જેવા માલસામાનના ભંગારના જે સ્થળસ્થિતિએ છે તે જ સ્થળસ્થિતિએ થી નિકાલ કરવાના કામ

1. આથી આ પ્રકારના કામનો અનુભવ ધરાવતા કોન્ટ્રાક્ટર તથા એન.જી.ઓ રજીસ્ટડ મંડળી/ભાગીદારી પેઢી તથા પ્રોપરાઈટર પાસે નીચે જણાવેલ શરતો મુજબ ભંગાર લઈ જવાના કામનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
2. ટેન્ડર ફી જે નામે ભરેલ હોય તે નામે જ ટેન્ડર ભરવાનું રહેશે.
3. આ ટેન્ડરમાં જ્યા જ્યા નિર્દિષ્ટ કરવામાં આવે છે ત્યાં ત્યાં તમામ જરૂરી વિગતો અવશ્ય ભરવાની રહેશે. અધુરી વિગતવાળુ ટેન્ડર રદ કરવાને પાત્ર ગણાશે. શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.
4. કોન્ટ્રાક્ટરે ભરેલા ટેન્ડર સાથે નીચે મુજબના દસ્તાવેજો અચુકપણે બીડવાના રહેશે જેના વગર ટેન્ડર રદ થવાને પાત્ર છે.
    1. ઈ.એમ.ડી.નો ઓરીજનલ ડી.ડી.
    2. **PAN NO** :-- કાર્ડ નકલ રજુ કરવી.
    3. **વ્યક્તિગત:-**PAN NO.......................... ધંધાની વિગત

       **પ્રોપઈટર**:- PAN NO......................... નોંધણી નંબર સાથે ધંધાની વિગત લેટર પેસાથે

       **પેઢી/ભાગીદારી**:- પેઢીનામું નોંધણી પ્રમાણપત્ર હોય તો/ભાગીદાર પેઢી હોય તો તે અંગેનો કરારનામા પુરાવા

       **કંપની:-** પ્રોપરાઈટર ઓફ કંપની/મેમોરેન્ડમ ઓફ કંપની

       એસોસીએશન/મંડળી:- આર્ટિકલ ઓફ એસોસીએશનનાં/ મંડળી મેમોરેન્ડમ ઓફ આર્ટિકલ અંગેના આધાર પુરાવા રજુ કરૂ છું.

       **એન.જી.ઓ :-**એન.જી.ઓ નાં બંધારણ તથા નોંધણીની વિગતો રજુ કરુ છું.
    4. **GST સર્ટીફીકેટ**:- **GST NO..................**
5. કોઈપણ અથવા તમામ ટેન્ડર રદ કરવાનો તથા કોઈપણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવુ તેનો તથા ઓછા ભાવવાળું ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો અધિકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે. આવુ ટેન્ડર અથવા ટેન્ડરના ભાગરૂપે ટેન્ડર મંજુર કરવાની સત્તા કમિશનર, ભાવનગર મહાનગરપાલિકાની રહેશે.
6. શરતોનું અર્થધટન કરવાની, શરતો, વધારવાની કે ઘટાડવાની, ફેરફાર કરવાની માંગેલ આધારોનું મુલ્યાકન કરવાનાં અબાધિત અધિકાર કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલીકાને રહેશે.

7. ટેન્ડરમાં ભરવામાં આવેલ ભાવોનો વેલીડીટી પીરીયડ પ્રાઈઝબીડ ટેન્ડર ખોલ્યાની તારીખથી નેવું (૯૦) દિવસનો ગણવામાં આવશે. ટેન્ડર મળ્યા બાદ કોન્ટ્રાક્ટરો તરફથી કોઈપણ પ્રકારની અરજીઓ કે રજુઆતો વિગેરે ધ્યાનમાં લેવામાં આવશે નહી.
8. ટેન્ડર સાથે અર્નેસ્ટમની ડિપોઝીટ રૂ ૪,૦૦૦નો ભાવનગર મહાનગરપાલિકાના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. ટેન્ડર સાથે રજુ કરવાનો રહેશે. ઈ.એમ.ડી વગરના ટેન્ડર ગ્રાહ્ય રહેશે નહિ. કોન્ટ્રાક્ટરશ્રીએ ઈ.એમ.ડી ની રકમ પેટે માત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ જ રજુ કરવાના રહેશે. અન્ય કોઈ સ્વરૂપે ઈ.એમ.ડી.ની રકમ ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સ્વીકારવામાં આવશે નહી. સિક્યુરીટી ડિપોઝીટ અર્થે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ફિક્સ ડિપોઝિટ કે બેંક ગેરેંટી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અસ્વિકૃત ગણવામાં આવશે.
9. સફળ ઈજારદારે લેખિતમાં જાણ થયેથી દિન-૧૦માં સીક્યોરિટી ડિપોઝીટની રકમ રૂ.૨૦,૦૦૦/- (અંકે વીસ હજાર) નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી (ડી.ડી.એફ.ડી,બેંક ગેરેંટી) કમિશનર, ભાવનગર મહાનગરપાલિકાના નામનો સિક્યોરીટી ડીપોઝીટ રૂપે રજુ કરવાનો રહેશે. દીન-૧૦માં સીક્યોરીટી ડીપોઝીટ ભરવામાં ન આવે તો કોન્ટ્રાક્ટરે ભરેલ ઈ.એમ.ડી ફોરફીટ કરી જપ્ત કરવામાં આવશે. અને તે અંગે ઈજારદારની કોઈપણ દલીલ કે તકરાર ચાલી શકશે નહી.
10. સીક્યોરીટી ડીપોઝીટનું તથા અર્નેસ્ટ મની ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.. આ સીક્યુરિટી ડિપોઝીટ કોન્ટ્રાક્ટરની અવધી(સમય) પૂર્ણ થયા બાદ જો કોઈ લેણુ મ્યુનિ. એ વસુલ કરવાનું હશે તો તે વસુલીને પરત કરવામાં આવશે. આ ડિપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.
11. જે કોન્ટ્રાક્ટરનું ટેન્ડર પાસ થયેલ હોઈ તેમજ પાસ થયેલ ન હોઈ તેવા કોન્ટ્રાક્ટરે તેમણે ભરેલ અર્નેસસ્ટમની ડીપોઝીટ રૂ.૪,૦૦૦/- પુરાં અલગ અરજી કરી માંગવાની રહેશે. આ ડીપોઝીટનું વ્યાજ ચુકવવામાં આવશે નહી.
12. આ કામના અનુભવ સહિતના તમામ આધાર, નાણાંકિય સદ્ધરતાના અનુભવને ધ્યાનમાં લઈ ક્વોલીફાઈડ નક્કી કરવાનો અબાધિત અધિકાર કમિશનર, ભાવનગર મહાનગરપાલિકાને રહેશે. તેમાં કોઈ તકરાર/વાંધો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહી.
13. આ કામનો સમયગાળો વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૩૦માં તમામ ભંગાર ઉપાડી લેવાનો રહેશે.
14. આંકડામાં અને શબ્દોમાં કોન્ટ્રાક્ટરે ભાવો ભરવાના રહેશે. અન્યથા ટેન્ડર રદ કરવામાં આવશે. આંકડામાં અને શબ્દોમાં દર્શાવેલ ભાવમાં તફાવત માલુમ પડશે તો શબ્દોમાં દર્શાવેલ ભાવમાં તફાવત માલુમ પડશે તો શબ્દોમાં દર્શાવેલ ભાવને લક્ષમાં લેવામાં આવશે. કોન્ટ્રક્ટરે ટેન્ડરની બધી જ આઈટમના ભાવ ફરજીયાત ભરવાના રહેશે. જો કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા ટેન્ડરની કોઈ આઈટમોનો ભાવ ભરવામાં નહિ આવે તો તે ટેન્ડર માન્ય રહેશે નહી.
15. કોન્ટ્રાક્ટર સાથે કરાર (એગ્રીમેન્ટ)ની શરતોનો ભંગ થયે કે કસુર થયે આ કામની ભરેલ સિક્યોરીટી ડિપોઝીટની રકમ ફોરફીટ/જપ્ત કરવામાં આવશે. અને આ કોન્ટ્રાક્ટરને મહાનગરપાલિકાના બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

16. કોન્ટ્રાક્ટરને કામગીરી કરવાનો રાઈટ આવ્યો હોવા છતાં કોન્ટ્રાક્ટર સક્ષમ નહી જણાય તો કમિશનર મહાનગરપાલિકા, ભાવનગર અન્ય કોન્ટ્રાક્ટરને કામગીરી વહેચવા માટે અધિકૃત રહેશે અને તે સર્વે કોન્ટ્રાક્ટરને માન્ય રહેશે.
17. કામ લેવાની પદ્ધતિ બાબતે સ્ટોર સુપ્રિન્ટેન્ડેન્ટ,સ્ટોર વિભાગ સુચવે તે જગ્યાએથી તમામ ભંગાર કોન્ટ્રાક્ટર દ્વારા પોતાના વાહન, મજુર,સાધન, ક્રેઈન વગેરે લાવી ભંગાર ઉપાડવાનો રહેશે. આ ભંગાર ભરેલ વાહન અત્રેના વિભાગ દ્વારા સુચવવામાં આવે તે વજન કાંટે વજન કરાવવાનું રહેશે. ત્યારબાદ આ ભંગાર ભરેલ વાહન પરત જ્યાથી ભંગાર ભરેલ હશે તે જગ્યાએ લાવવાનું રહેશે. ત્યારબાદ વજન કાંટેથી આપવામાં આવેલ વજન ચીઠ્ઠી મુજબ મંજુર થયેલ ભાવ મુજબ મ્યુનિ.ટ્રેજરીમાં ભરી તેની પહોંચ રજુ કર્યા બાદ જ ભંગાર ભરેલ વાહન કોન્ટ્રાક્ટરને લઈ જવા દેવામાં આવશે.
18. કોન્ટ્રાક્ટરને કરવામાં આવેલ પેનલ્ટીની વસુલાત ચુકવવાનાં થતાં અર્નેસ્ટમની ડીપોઝિટ કે સીક્યોરીટી ડીપોઝીટમાંથી અથવા રેવન્યુરાહે વસુલ લેવામાં આવશે.
19. જ્યુડીશીયલ ક્ષેત્ર ભાવનગર શહેર રહેશે.
20. કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકા પાસે કોન્ટ્રાક્ટર ડ્રાઈવરો દ્વારા કોઈપણ જાતની ગેર વર્તુણુંક અંગેની લેખિત ફરિયાદ રજુ થયેથી તેમાં વજુદ જણાશે તો કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકા તે કોન્ટ્રાક્ટરને દુર કરવા ને ફરમાવી શકશે.
21. આ કામના કોન્ટ્રાક્ટરમાં રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના કોઈપણ ટેક્ષ/ચાર્જ/ફી તેમજ અન્ય કોઈ ટેક્ષ ભરવાનાં થાય તે અલગથી ભરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
22. કોન્ટ્રાક્ટરે લધુત્તમ વેતન ધારો, બાળ મજુર ધારો તથા લેબર લોઝનો વગેરે પ્રકારના સબંધીત તમામ કાયદાઓનો અમલ કરવાનો રહેશે. વર્કમેન કોમ્પેનસેશન એક્ટના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.
23. નિયત સ્થળેથી ભંગાર નહી ઉપાડતા અન્ય જગ્યાએથી કોન્ટ્રાક્ટર દ્વારા ભંગાર ભરવામાં આવશે તો રૂ. બે હજાર પેનલ્ટી કરવામાં આવશે. તેની અર્નેસ્ટ મની ડીપોઝીટ તથા સીક્યોરીટી ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે અને આ કોન્ટ્રાક્ટરને મ્યુનિ.કોર્પોરેશનનાં બ્લેક લિસ્ટમાં મુકવામાં આવશે.
24. સફળ ઈજારદાર પોતાને મળેલ કામગીરીને પેટા કોન્ટ્રાક્ટર તરીકે અન્યને આપી શકશે નહી. કોન્ટ્રાક્ટર અન્યની માલીકીના ફક્ત વાહન ભાડે રાખી શકશે.
25. કોન્ટ્રાક્ટરે ભંગાર ઉપાડવાની કામગીરીનો સમય કામગીરીના દિવસોમાં સવારના ૧૦-૩૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધીનો આપવામાં આવશે. જાહેર રજાઓનાં દિવસે આ કામગીરી કરી શકાશે નહી.
26. કોન્ટ્રાક્ટરે તેમના વાહન ભંગાર ઉપાડવા નિયત સમયે સ્ટોર વિભાગ દ્વારા કહેવામાં આવે ત્યાં કામગીરી અર્થે મૂકવવાનાં રહેશે. ત્યાથી ભંગાર ઉપાડવાની જે કામગીરી સોંપવામાં આવે ત્યાં

કામગીરી કરવાની રહેશે. આપેલ ભંગાર ઉપાડવાની થયેલ કામની નોંધણી વિગેરેની પદ્ધતી સ્ટોર વિભાગ નક્કી કરશે. અને તેનો અમલ કોન્ટ્રાક્ટરે કરવાનો રહેશે.

27. ભંગાર જે જગ્યાએથી ભરવામાં આવે તે જગ્યા સ્ટોર વિભાગના અધિકારીશ્રી કહે ત્યાંથી ઉપાડવાનો રહેશે. તથા આ ભંગાર ભરેલ વાહનનો વજન કાંટે વજન કરવા જતી વખતે અત્રેના વિભાગના કર્મચારીને વાહન સાથે રાખવાના રહેશે. તથા તેની રૂબરૂમાં વજન કાંટા ઉપર વજન કરાવવાનો રહેશે. અને સમય દર્શાવવાનો રહેશે. ત્યારબાદ જ મ્યુનિ. ટ્રેજરીમાં નાણા ભરવાનું ચલણ સ્ટોર વિભાગેથી આપવામાં આવશે. અને મ્યુનિ. ટ્રેજરીમાં પૈસા ભર્યાની પહોંચની એક ઝેરોક્ષ નકલ કરાવી ભંગાર ભરેલ વાહન સાથે રાખવાની રહેશે. અને એક ઝેરોક્ષ નકલ  જે ભંગાર ભરતી વખતે તથા વજન કરાવતી વખતે હાજર કર્મચારીને આપવાની રહેશે.
28. કોન્ટ્રાક્ટર દ્વારા મુકવામાં આવેલ વાહન, મજુરને કામગીરી દરમિયાન કોઈ ઈજા-અકસ્માત-જાનહાની તેમજ અન્ય કોઈ જવાબદારી ઉભી થાય તો તે તમામ જવાબદારીઓ કોન્ટ્રાક્ટરની રહેશે. આ અંગે જરૂરી કાયદાઓનું પાલન કરવાની તથા વિમો લેવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
29. કોન્ટ્રાક્ટર દ્વારા કામે રાખેલ કર્મચારી-ડ્રાઈવર ને ઈજા અક્સ્માત જાનહાની તેમજ અન્ય કોઈ જવાબદારી ઊભી થાય તો તે તમામ જવાબદારીઓ કોન્ટ્રાક્ટરની રહેશે. આ અંગે જરૂરી કાયદાઓનું પાલન કરવાની તથા વિમો લેવાની વગેરે જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
30. ઉપરોક્ત શરત નં.૨૮ અને ૨૯ મુજબની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. તેમાં ભાવનગર મહાનગરપાલિકાને જોડવાની રહેશે નહી. તેમજ આવી જવાબદારી ઉભી થાય અને તેમાં કોર્પોરેશનને જોડવામાં આવે તો કોર્પોરેશનને તેનો બચાવ કરવામાં જે કાંઈ ખર્ચ નુકસાની થાય તે તમામ ખર્ચ, નુકસાની કોન્ટ્રાક્ટરે કમિશનર, મહાનગરપાલિકા ભાવનગરને આપવાનો રહેશે.
31. ઉપર દર્શાવેલ જથ્થો અંદાજીત છે. અને ઈમલો નીકળતા તેમાં ફેરફાર થવાપાત્ર છે. ખરેખર વજન કરાવતા થતા જથ્થા મુજબ ભરેલ ભાવ પ્રમાણે થતી રકમની ચુકવણી ટેન્ડર ભરનારે કરવાની રહેશે.
32. ટેન્ડર દર્શાવેલ અપસેટ પ્રાઈઝ કરતા ઓછી રકમ ટેન્ડરમાં ભરેલ હશે તો તે ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી. અને આ ટેન્ડર રદ કરવામાં આવશે.
33. કોન્ટ્રાક્ટરશ્રીએ ટેન્ડર સીલબંધ કવરમાં તેની ઉપર સ્ટોર વિભાગનું(ભાવનગર મહાનગરપાલિકા ના ફાજલ પડેલા/ તુટલા ફાટલા/ ફર્નિચર- કબાટ, ખુરશી જેવા માલસામાનના ભંગારના જે સ્થળસ્થિતિએ છે તે જ સ્થળસ્થિતિએ થી નિકાલ કરવાના કામ નુ ટેન્ડર એવુ સુવાચ્ય અક્ષરે લખવાનુ રહેશે.
34. ટેન્ડરમાં દર્શાવેલ સ્ક્રેપ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જ આપવામાં આવશે જે-તે સ્થળેથી જ આપવામાં આવશે. તેમજ ટેન્ડરમાં દર્શાવેલ વેચાણમાં મુકેલ સ્ક્રેપ પૈકી કોઈ પણ સ્કેપ વેચાણ માંથી રદ કરવાની કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો અધિકાર અબાધિત રહેશે અને કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

35. ભંગાર નિકાલની થતી રકમ ઉપર નિયમ મુજબનો GST ઈજારદારે ભાવનગર મહાનગરપાલિકાને ભરપાઈ કરવાનો રહેશે.

ઉપરોક્ત મુજબની શરતો અમોએ વાંચી વિચારી સમજી, શુદ્ધ બુદ્ધિપૂર્વક બીન કેફીપણે સ્વિકારીએ છીએ. જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

X

કોન્ટ્રાક્ટરની સહી/સિક્કો

**ભાવનગર મહાનગરપાલિકા**

**સ્ટોર વિભાગ**

**કામનું નામ:-** ભાવનગર મહાનગરપાલિકા ના ફાજલ પડેલા/ તુટલા ફાટલા/ ફર્નિચર- કબાટ, ખુરશી જેવા માલસામાનના ભંગારના જે સ્થળસ્થિતિએ છે તે જ સ્થળસ્થિતિએ થી નિકાલ કરવાના કામ

**પ્રાઈસબીડ**

ટેન્ડર ભરનારનું નામ:-

સરનામું:-

મોબાઈલ નંબર:-

| ક્રમ | આઈટમ | અંદાજીત જથ્થો | એકમ | એકમ દીઠ અપસેટ પ્રાઈસ રૂ. | ટેન્ડરરે ભરવાના ભાવ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભાવ રૂ.(અંકમાં) | ભાવ રૂ. (શબ્દોમાં) | કુલ ભાવ |
| ૧ | દરેક પ્રકારની ધાતુ (C.I.M.S.તથા અન્ય)નો ભંગાર | ૭૫૦૦ | કિલો | ૩૫.૦૦ | | | |
| ૨ | દરેક પ્રકારના લાકડા (લાકડું તથા પ્લાયવુડ, પાટિયા, હાર્ડબોર્ડ,વગેરે)નો ભંગાર | ૩૦૦૦ | કિલો | ૧૮.૦૦ | | | |
| ૩ | દરેક પ્રકારના પ્લાસ્ટિક | ૧૦૦ | કિલો | ૧૩.૦૦ | | | |
| ૪ | દરેક પ્રકારની રિવોલ્વીંગ ચેર/કોમ્પ્યુટર ચેર | ૫૦ | ૧ નંગ | ૩૦૦.૦૦ | | | |
| | **કૂલ અંકે રૂ.** | | | | | | |

નોંધ:-. ઉપર દર્શાવેલ જથ્થો અંદાજીત છે. અને ઈમલો નીકળતા તેમાં ફેરફાર થવાપાત્ર છે. ખરેખર વજન કરાવતા થતા જથ્થા મુજબ ભરેલ ભાવ પ્રમાણે થતી રકમની ચુકવણી ટેન્ડર ભરનારે કરવાની રહેશે.

ટેન્ડર ભરનારની સહી:------------------------